હરીપુરાકંપામાં ભાજપા દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

હિંમતનગર તાલુકાના હરીપુરાકંપા (બાવસર)ખાતે તાલુકાના પૂર્વ પટ્ટા ગ્રામ્ય વિસ્તારના શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ભાજપા સંગઠન દ્વારા દશ ગામ કંપાના પ્રતિનિધિઓનું ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષ પદે સ્નેહમિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે યુવા કાર્યકર શાંતિલાલ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ પટેલ, સંગઠન પ્રમુખ હસમુખભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ પ્રવિણસિંહ વહેવર, જિલ્લા પંચાયત દંડક ધીરેન અસારી વગેરે ઉપસ્થિત રહી ગ્રામ્ય વિસ્તારના વિકાસ લક્ષી કામો અંગે ચર્ચા કરી સરકારની વિકાસ યોજનાઓ અંગે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ પટેલે કર્યું હતું. તેમજ શાંતિભાઈ પટેલે ઉપસ્થિત મહેમાનો અને ગ્રામ્ય જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

ખેડબ્રહ્મામાં ૨૨મો સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો

શ્રી ઓદિચ્ય સહસ્ત્ર ચોખડા બ્રહ્મણ સમાજ દ્વારા આજે ૨૨મો સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ ખેડબ્રહ્માના શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે યોજાયો હતો. અત્યારે હાલ વૈશાખ માસ ચાલી રહ્યો છે એટલે લગ્ન, જનોઈ, ખાત મુહૂર્ત, વાસ્તુ પૂજનના ઢગલાબંધ મુહૂર્ત છે એટલે લોકો ગરમી અને કોરોનાને પણ કોરાણે મુકીને મુહૂર્ત પ્રમાણે શુભ કામ કરી રહ્યા છે. શ્રી ઓદિચ્ય સહસ્ત્ર ચોખડા બ્રહ્મણ સમાજ દ્વારા આજે ૨૨મો સમૂહ યજ્ઞોપવિત કાર્યક્રમ ખેડબ્રહ્માના શ્રી કાશીવિશ્વનાથ મહાદેવ મંદિરમાં યોજાયો હતો આ પાવન પ્રસંગે ૧૨ બટુકોને યજ્ઞોપવિત સંસ્કાર વિધી કરવામાં આવી હતી. યજ્ઞોપવિત સંસ્કાર વિધી એ સતયુગમાં ઋષીમુનીઓથી ચાલી આવતી પરંપરા છે જેથી આજે સમગ્ર સમાજની ઉપસ્થિતિમાં યજ્ઞોપવિત સંસ્કાર વિધી યોજાઈ છે તેવુ પ્રમુખ શૈલેષભાઈ જોષીએ જણાવ્યુ હતુ. આ પ્રસંગે ઉપપ્રમુખ પ્રકાશ ઠાકર, ઉપેન્દ્ર રાવલ, મંત્રી કિશોર જોષી, અતુલભાઈ જોષી સહીત પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

ધનસુરામાં ટેકાના ભાવે ૬૫૩ ખેડૂતો પાસે થી ૨૫,૨૭૬ થી વધુ બોરી ની ખરીદી કરાઈ

એ.પી.એમ.સી ખાતેના ખરીદ કેન્દ્ર પર ૧૨૬૩ મેટ્રિક ટન થી વધુ ચણાની ખરીદી

રાજયમાં ચણાની ટેકાના ભાવે ખરીદી કરાઈ રહી છે ત્યારે અરવલ્લી જિલ્લા માં પણ ચણાની ટેકાના ભાવે ખરીદી શરૂ છે જિલ્લા માં ધનસુરા, મોડાસા સહિત છ તાલુકાઓમાં ખરીદ કેન્દ્રો પર ટેકા ના ભાવે ખરીદી કરાઈ રહી છે જિલ્લા માં એક મણ ના ૧૦૪૬ ના ભાવે ખરીદી કરાઈ રહી છે જેમાં ખેડૂતો ને નંબર પ્રમાણે જાણ કરી ને બોલાવવા માં આવે છે અને તે મુજબ ખેડૂતો મોટી સંખ્યામાં ટેકા ના ભાવે ચણા વેચવા માટે આવી રહ્યા છે ધનસુરા એ.પી.એમ.સી ખાતે આવેલ ખરીદ કેન્દ્ર પર અત્યાર સુધીમાં ૬૫૩ ખેડૂતો પાસે થી ટેકા ના ભાવે ચણા ની ખરીદી કરાઈ છે ધનસુરા કેન્દ્ર પર અત્યાર સુધી કુલ ૨૫,૨૭૬ બોરી ચણા ની આવક નોંધાઈ છે ધનસુરા કેન્દ્ર પર કુલ ૧૨૬૩ થી વધુ મેટ્રિક ટન ચણા ની ખરીદી કરાઈ છે અરવલ્લી જિલ્લામાં આ વખતે ખેડૂતો એ મોટા પ્રમાણ માં ચણા નું વાવેતર કર્યું હતું ત્યારે ટેકા ના ભાવ પ્રતિ મણ ના ૧૦૪૬ મળતાં ખેડૂતો ખુશ છે ધનસુરા એ.પી.એમ.સી ખાતે આવેલ કેન્દ્ર પર ખેડૂત વિનોદભાઈ પટેલ એ જણાવ્યું હતું કે અહી ખરીદ કેન્દ્ર પર સુંદર આયોજન કરવામાં આવ્યું છે. નીરલ પટેલ બ્રાન્ચ મેનેજર, બકુલભાઈ, જયેશભાઈ પટેલ ક્લાર્ક, ચિરાગભાઈ પટેલ સેન્ટર ઈન્ચાર્જ, વિજયભાઈ સહિત કર્મચારીઓ અને સેક્રેટરી રવીન્દ્રભાઈ પટેલ અને માર્કેટ સ્ટાફ સહિત એ ખરીદી માટે સુંદર આયોજન કર્યું છે.

પ્રાંતિજ ખાતે આવેલ શુભમ રેસીડન્સ સોસાયટીમાં પાણીનો કકળાટ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શુભમ રેસીડન્સ સોસાયટી ના રહીશોને પાણીની પાઈપ લાઈન ટુટી જતા છેલ્લા એક મહિનાથી પીવાનુ પાણીના મળતા રહીશોએ પાલિકામા રજુઆત બાદ પણ ના સાભળતા રહીશોએ સ્વખર્ચે પાઈપ લાઈન નાખી. પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ રેલ્વે ઓવર બ્રીજ પાસે આવેલ શુભમ રેસીડન્સ સોસાયટી પાસે સર્વિસ રોડ ના કામ ને લઈ ને છેલ્લા એક મહિનાથી રોડ ના ખોદકામ ને લઈ ને સોસાયટીમા જતી પીવાના પાણીની લાઈન મા ઠેરઠેર ભંગાર પડતા છેલ્લા એક મહિના થી સોસાયટીના રહીશોને પ્રાથમિક સુવિધા પીવાનુ પાણીથી વંચિત રહ્યા હતા અને પ્રાંતિજ નગરપાલિકા તથા રોડ ખાતામા રજુઆત કરી હતી પણ રોડ ખાતુ કે જેવી જવાબદારી છે તે પ્રાંતિજ પાલિકા દ્વારા સોસાયટીના રહીશોની સમસ્યા ધ્યાને લેવામા ના આવતા અને રહીશો ને પાણી નુ ટેકર પણ મોકલવામા આવતુ ના હોવાથી રહીશોને બહાર થી ૧૦૦૦ થી ૮૦૦ રૂપિયા મા ટેકર મગાવા મજુર બન્યા છે અને રહીશોને મોંઘવારીમા ટેકર નો ખર્ચ ભોગવો પડે છે ત્યારે પ્રાંતિજ પાલિકા મા જાણ કરવા છતાંય પાણીનુ ટેકર કે પાઈપ લાઈન રીપેરીંગ ના થતા આખરે સોસાયટી ના રહીશો દ્વારા પ્રાંતિજ પાલિકા સામે તથા સત્તાધીશો સામે રોષ ઠાલવ્યો હતો અને સોસાયટી ના રહીશો દ્વારા પાણી માટે જાતે સ્વખર્ચે પાઈપ લાઈન નાખવાનુ કામ હાથ ધર્યુ હતુ અને પોતે ૮૦ ફુટ પાઈપ લાઈન ખોદકામ કરી નવી લાઈન નાખવાની કામ ગીરી હાથ ધરી હતી ત્યારે સોસાયટી ના રહીશોએ જણાવ્યુ કે અમે નિયમિત મિલ્કત વેરો ભરવા છતાય પ્રાંતિજ પાલિકા દ્વારા અમારી સાથે ઓરમાયુ વર્તન થયુ છે અને કોર્પોરેટરો માત્ર વોટ માગવા આવેછે છેલ્લા એક મહિનાથી પાણીની સમસ્યા છે પણ આ વોર્ડ ના એક પણ કોર્પોરેટર , પ્રમુખ કે ચીફ ઓફિસર કોઈ ડોકયુ કરવા પણ આજદીન સુધી આવ્યુ નથી અને રજુઆતો બાદ પણ ધ્યાને ના લેતા સોસાયટીના રહીશોએ જાતે સ્વખર્ચે લાઈન નાખવાનુ કામ ચાલુ કર્યુ હતુ.

આકરૂન્દ હાઈસ્કૂલમાં યોજાયો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ 'ઢોલ ઢમઢમ વાગે રે'

શૈક્ષણિક સંસ્થાએ અનેક તેજસ્વી પ્રતિભાઓની સમાજને ભેટ આપી - આમંત્રિતો

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૬ ધનસુરા તાલુકાની શ્રીમતી પી. કે. ફણસે વિદ્યાલય-આકરૂન્દનો ભવ્ય સાંસ્કૃતિક

કાર્યક્રમ ઢોલ ઢમઢમ વાગે રે..યોજાઈ ગયો. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ સ્ટેજ ઉપર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી ઉપસ્થિત જનસમુદાય અને આમંત્રિતોના દિલ જીતી લીધા હતા. પ્રાર્થના અને સ્વાગત ગીતથી શરૂ થયેલા કાર્યક્રમ બાદ કોરોનાના કારણે મૃત્યુ પામેલા સ્વજનોને શ્રદ્ધાંજલિ આપીને કાર્યક્રમનો શુભારંભ થયો હતો. બાયડ પ્રાંત અધિકારી ભાર્ગવભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને અને ડૉ.મેહૂલભાઈ જે. શાહ(બાયડ), મફતલાલ એમ. પટેલ(ચોઈલા), મોડાસા પાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, સાબરડેરી ડિરેક્ટર સચિનભાઈ એ. પટેલ, જિલ્લા ભાજપ કિસાન મોરચા પ્રમુખ અશ્વિનભાઈ પી. પટેલ, શ્રી વિશ્વકર્મા સામાજીક વિકાસ ટ્રસ્ટ-બાયડના પ્રમુખ મનિષકુમાર આર. પંચાલ, ધનસુરા મામલતદાર ચેતનસિંહ ઝાલા, જિલ્લા પંચાયત સદસ્ય કાળીબેન કે. રબારી, આકરૂન્દ ગ્રામ પંચાયત સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ એચ.પટેલ વગેરેની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલે સર્વ આમંત્રિતોને હર્ષથી આવકારી સંસ્થા દ્વારા શિક્ષણ ઉપરાંત કરવામાં આવતી અન્ય પ્રવૃત્તિઓથી સૌને અવગત કરવાની સાથે શૈક્ષણિક સંકુલના ભૌતિક વિકાસ માટે હાથ ધરાયેલા પ્રયાસોની સૌને જાણકારી આપી હતી.

ગ્રામ્ય વિસ્તારમાં આકરૂન્દ હાઈસ્કુલની શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિઓથી બાયડ પ્રાંત અધિકારી પ્રભાવિત થયા હતા તેમજ વર્તમાન મોંઘવારીના યુગમાં ક્યાંય પણ મફત શિક્ષણ મળતું નથી આ સંજોગોમાં આકરૂન્દ હાઈસ્કુલ દ્વારા સ્વનિર્ભર પ્રાથમિક વિભાગમાં એકપણ રૂપિયાની ફી લીધા વગર ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવે છે તેની સૂપેરે નોંધ લઈ ઉપસ્થિત વાલીઓને તમારૂ સંતાન મોટું થાય ત્યારે તેની હલચલ ઉપર ખાસ ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો અને બે દિવસ અગાઉ બનેલી ઝાંઝરી દુર્ઘટનાને યાદ કરી હતી. જિલ્લા ભાજપ કિસાન મોરચા પ્રમુખ અશ્વિન પટેલે વિદ્યાર્થીઓમાં રહેલી નૈસર્ગિક શક્તિઓને બહાર લાવવાના સાચા અર્થમાં નિષ્ઠાવાન પ્રયાસ થઈ રહ્યા છે તે બદલ શાળા સ્ટાફ અને કેળવણી મંડળને અભિનંદન આપ્યા હતા. મોડાસા પાલિકા પ્રમુખ અને સમારંભના ઉદ્ઘાટક જલ્પાબેન ભાવસારે આકરૂન્દ હાઈસ્કુલની શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્રની ઝળહળતી કારકીર્દીને બિરદાવી હતી. વાત્રક હોસ્પિટલના મેડીકલ ડાયરેક્ટર

ડૉ.મેહૂલભાઈ જે. શાહે ગામડાંની શૈક્ષણિક સંસ્થામાં થઈ રહેલી શિક્ષણ તેમજ અન્ય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ઉમદા નોંધ લઈ સંસ્થાના મહત્વના વિકાસમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના અમૂલ્ય યોગદાનને સ્ટેજ ઉપરથી બિરદાવી ગામની શૈક્ષણિક સંસ્થાને અડીખમ રાખવા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ એકઠા થઈને કોઈને કોઈ રીતે મદદરૂપ થવું જોઈએ તેમ જણાવ્યું હતું. ત્યારબાદ આભારવિધિ આકરૂન્દ કેળવણી મંડળના મંત્રી હસમુખભાઈ પટેલે કરી હતી. મહેમાનોને સન્માન્યા પછી એક પછી એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો સ્ટેજ ઉપર રજૂ કરી વિદ્યાર્થીઓએ ઉપસ્થિત હજારોની મેદનીને મોહી લીધી હતી. આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા ઢોલ ઢમઢમ વાગે રે..કાર્યક્રમમાં અમૂલ્ય સહયોગ આપનાર પ્રાથમિક વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, જલ્પાબેન ગોહેલ, જ્યોતિબેન મર્ચન્ટ, નીધીબેન પ્રજાપતિ, રીષાબેન દેસાઈ, હીનાબેન દેસાઈ, પરેશભાઈ અને કૃપેન પ્રજાપતિને જાહેરમાં બિરદાવ્યા હતા. શાળાના આચાર્ય જે.ડી.ભાટી તથા સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કર્યા હતા. કાર્યક્રમમાં કેળવણી મંડળના ઉપપ્રમુખ નરસીદાસ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ, આંતરીક ઓડીટર મનુભાઈ બારોટ સહિત મોટી સંખ્યામાં મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા શાળાના તમામ સ્ટાફને સ્ટેજ ઉપર બોલાવી તેમની કામગીરીને જાહેરમાં બિરદાવી હતી. કાર્યક્રમનું સફળ સભા સંચાલન કેવળભાઈ પી. વણકર(પાંડવા હાઈસ્કુલ) દ્વારા કરવામાં આવ્યું હતું.

PSI ભરતી વિવાદ

પ્રિલીમ પરીક્ષાનું પરિણામ રિવાઈઝ કરવા વિદ્યાર્થીઓ મેદાને, અરવલ્લી કલેકટરને આવેદન આપી ન્યાયની માંગ

મોડાસા, તા. ૬

ગુજરાતમાં સરકારી અને સહકારી માળખામાં ભરતી પ્રક્રિયામાં સતત વિવાદ સર્જાતો રહે છે ત્યારે તાજેતરમાં લેવાય પીએસઆઈની પ્રિલીમ પરીક્ષાનો

વિવાદ ઉભો થયો છે અને સમગ્ર મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે ત્યારે અરવલ્લી જીલ્લામાં પીએસઆઈની પ્રિલીમ પરીક્ષા આપનાર પરીક્ષાર્થીઓએ પરીક્ષાનું પરિણામ રિવાઈઝ કરવામાં આવેની માંગ કરી જીલ્લા કલેકટરને આવેદનત્ર આપ્યું હતું પરીક્ષાર્થીઓએ ભરતી બોર્ડે જાહેરાતમાં દર્શાવેલ નિયમનું પાલન ન થયું હોવાનું આકોશ પૂર્વક જણાવી નિયમનું પાલન ન થતા અનેક પરીક્ષાર્થીઓનું ભાવી અંધકારમય બન્યું છે

અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં પીએસઆઈ પ્રિલીમ પરીક્ષામાં પાસ થનાર યુવકોએ જીલ્લા કલેકટરને ઉદ્દેશી એક આવેદનપત્ર આપ્યું હતું જેમાં દરેક કેટેગરીના પાસ થયેલા ઉમેદવારોના ત્રણ ગણા ઉમેદવારો બોલાવવાના નિયમનું પાલન નહિ થયું હોવાથી નિયમનું પાલન કરવામાં આવેની માંગ કરી છે કુલ જગ્યાની સામે પર્યાપ્ત માત્રામાં ઉમેદવારોને મેરિટમાં સમાવેશ કરવામાં આવ્યો નથી અને ભરતી નિયમોનું ઉલ્લઘન કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ કર્યો છે જેથી પ્રાથમિક કસોટીનું પરિણામ રિવાઈઝ કરવામાં આવેની માંગ કરી હતી

ગણપત યુનિવર્સિટીમાં નેશનલ સિમ્પોસીઝમનું આયોજન કરાયું

ગણપત વિદ્યાનગર, તા. ૬

૩૦મી એપ્રિલ ૨૦૨૨ના રોજ મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ગણપત યુનિવર્સિટી દ્વારા "રિસેન્ટ ટ્રેન્ડસ ઈન મેથેમેટિકલ સાયન્સ' વિષય ઉપર એક દિવસીય રાષ્ટ્રીય સિમ્પોઝિયમનું આયોજન

કરવામાં આવ્યું હતું. ગણિત વિષયમાં વર્તમાન વિકાસ પર પ્રકાશ પાડવા અને ગણિતના સંશોધકો અને વિદ્યાર્થીઓને તેમના વિચારોને એક સામાન્ય ઉપરથી પ્રસ્તુત કરવાના હેતુથી, ગણપત યુનિવર્સિટીના મહેસાણા અર્બન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સીસ દ્વારા એક દિવસીય રાષ્ટ્રીય સિમ્પોઝિયમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગણિત જેવા મહત્વના ક્ષેત્રની શોધખોળ અને ભાવિ સહયોગ કાર્યો માટે સંભવિત તકો પર પ્રકાશ પાડવાના પ્રાથમિક ઉદ્દેશ્ય સાથે યોજાયેલ આ પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ડૉ. ગણપતભાઈ આઈ. પટેલ, ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ (એમેરિટસ પ્રોફેસર, હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, યુએસએ), પ્રો. (ડૉ.) બિરેન્દ્ર સિંહ બિષ્ટ, (પ્રેસિડેન્ટ, FAI) વી.પી. સક્સેના, (સ્થાપક પ્રમુખ, GAMS), પ્રો. એમ. લેલીસ થિવાગર, (વાઈસ પ્રેસિડેન્ટ-FAI) , બ્રિગેડિયર શ્રી પ્રવીણ કુમાર, (એકેડેમિક સેક્રેટરી, FAI) ડૉ. પી. જી. સિધ્ધેશ્વર (પ્રોફેસર, ગણિત વિભાગ, કાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર) ડૉ. એ. કે. સિંહ (પ્રોફેસર, ગણિત વિભાગ, વિજ્ઞાન સંસ્થા, બનારસ હિન્દુ યુનિવર્સિટી , વારાણસી) ડૉ. વી. એચ. પ્રધાન (પ્રોફેસર, એસવીએનઆઈટી, સુરત) ડૉ. જયેશ ધોડિયા (પ્રોફેસર, એસવીએનઆઈટી, સુરત), પ્રો. પ્રદીપ ઝા (રિટાયર્ડ પ્રોફેસર , એમ.જી. સાયન્સ કોલેજ, અમદાવાદ), ડૉ. એસ. એસ. પંચોલી, (એક્ઝિક્યુટિવ ડીન, ફેકલ્ટી ઑફ સાયન્સ એન્ડ ફેકલ્ટી ઑફ ફાર્મસી, ગણપત યુનિવર્સિટી), ડૉ. અજય ગુપ્તા (ડિરેક્ટર, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ, ગણપત યુનિવર્સિટ), અને ડૉ. અમિત પરીખ, (ડીન સાયન્સ ફેકલ્ટી, પ્રિન્સિપાલ - MUIS) ઉપસ્થિત રહ્યા હતા.

બ્લાસ્ટ થઈ જાય તેવા વર્ષો જૂના લાલ બાટલાને કોમ્પ્રેસર મશીનથી ભરવાના કૌભાંડમાં આરોપીએ કોઈ પુરાવા રજૂ ન કર્યા

ગોડાઉન પણ જુનાગંજમાં એવી જગ્યાએ કે સામાન્ય માણસને જલ્દી મળે નહીં : કેટલાક ૪૦થી ૫૦ વર્ષ જૂના બાટલાઓનો ઉપયોગ કરાયો હોવાની આશંકા

પાલનપુર તા. ૬

પાલનપુરના જુના ગંજમાં આવેલા અત્યંત ભરચક બજારમાં ભંગારની દુકાનની પાછળના ભાગમાં બાતમીના આધારે પુરવઠા વિભાગની ટીમે ઘરેલુ બોટલમાંથી કોમર્શિયલ બોટલમાં ગેસ ભરવાનું કૌભાંડ ઝડપી પાડયા બાદ આરોપી હજુ સુધી મગનું નામ મરી પાડતો નથી.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પુરવઠા વિભાગની તપાસ દરમિયાન આરોપી એ કોઈપણ પ્રકારનો સહકાર ન આપ્યા હોવાનું સામે આવ્યું છે. પુરવઠા વિભાગના સુત્રો પાસેથી મળેલી વિગતો અનુસાર અમીરગઢની કોઈ ખાનગી વ્યક્તિની માલિકીની જગ્યામાં ભાડા કરાર વગર, ફાયર સેફટીની સુવિધા વગર તેમજ ગોડાઉન આગળ કોઈપણ બોર્ડ વગર અનઅધિકૃત રીતે કોમ્પ્રેસર મશીનથી ગેસ ટ્રાન્સફર કરવાનું અત્યંત જોખમી કામ કરવામાં આવી રહ્યું હતું. પુરવઠા વિભાગની ટીમે જ્યારે દરોડો પાડ્યો ત્યારે ૧૫૨ બોટલ સિલિન્ડર ગોડાઉનમાંથી મળી આવી હતી. જેને કબજે કરી સલામતીપૂર્વક પ્રતીક ગેસ એજન્સીના ગોડાઉનમાં મૂકવામાં આવ્યો છે. આરોપી સામે અનઅધિકૃત રીતે એક્સપ્લોઝિવ થઈ શકે તેવી એક્ટિવિટી કરવાના આરોપસર કાયદેસર કાર્યવાહી હાથ ધરાશે. હાલ તોલારામને નોટિસ પાઠવી તેને પુરાવા રજૂ કરવા જણાવાશે. જે બાદ પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી થઈ શકશે. હાલ તમામ રિપોર્ટ જિલ્લા કક્ષાએ સબમીટ કર્યો છે જેમાં તોલારામે પોતાના નિવેદનમાં સમગ્ર બાબતો ગોળગોળ જણાવી છે. તે કેવા પ્રકારના પુરાવા રજૂ કરેછે તેની પર સમગ્ર દારોમદાર છે.

અનવરપુરા શાળામાં ફરજ બજાવતા શિક્ષક નિવૃત થતાં વિદાય સમારંભ યોજાયો

પ્રાંતિજ, તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અનવરપુરા ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા ખાતે ફરજ બજાવતા શિક્ષક સુરેશભાઈ પુરૂષોત્તમદાસ જોષી સરકારી વય મર્યાદાને લઈને નિવૃત થતા શાળા પરિવાર દ્વારા વિદાય સમારોહ યોજવામાં આવ્યો. પ્રાંતિજના અનવરપુરા ખાતે આવેલ ગુજરાતી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા સુરેશભાઈ પુરૂષોત્તમદાસજોષી સરકારી ધારા ધોરણ મુજબ વય મર્યાદા ને કારણે નિવૃત થતાં શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું તો તેવોને ઉપસ્થિત મહેમાનો તથા શાળા પરિવાર દ્વારા શાલ, શ્રીફળ, મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે તાલુકા પંચાયત ના સદસ્ય રાજ પટેલ તથા શાળા સ્ટાફ સહિત શિક્ષકમિત્રો આમંત્રણત્રિક મહેમાનો સંગા સંબંધીઓ સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને નિવૃત્ત થઈ રહેલ સુરેશભાઈ પુરૂષોત્તમદાસ જોષીને શુભેચ્છાઓ શુભકામનાઓ સાથે મોમેન્ટો ,ગીફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ડીસામાં સેમિનાર કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીના હસ્તે ૧૧૪ શિક્ષણ સહાયકોને પૂરા પગારના આદેશ અપાયા

કિર્તીસિંહ વાઘેલાએ નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે શિક્ષકોની ભૂમિકા અંગે વિસ્તૃત સમજ આપી

ડીસા, તા. ૬

બનાસકાંઠા જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને

ગુજરાત રાજ્ય શિક્ષણ સેવા વર્ગ-૩ કર્મચારી મંડળ-ઘટક સંઘ બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે શુક્રવારે ડીસામાં શૈક્ષણિક ગુણવત્તા સુધારણા સેમિનાર કાર્યક્રમ યોજાયો હતો. જલારામ પાર્ટી પ્લોટમાં શિક્ષણ રાજ્ય મંત્રી કિર્તીસિંહ વાઘેલાના અધ્યસ્થાને યોજાયેલા આ પ્રસંગે સરકારી માધ્યમિક શાળાઓના ૧૧૪ શિક્ષણ સહાયકોને મંત્રીના હસ્તે પૂરા પગારના આદેશ એનાયત કરાયા હતા.

સેમિનારમાં મંત્રી કિર્તીસિંહ વાઘેલાએ નવી શિક્ષણ નીતિના અમલીકરણ માટે શિક્ષકોની ભૂમિકા અને તેનાથી શૈક્ષણિક ક્ષેત્રે આવનાર આમૂલ પરિવર્તનો અંગે વિસ્તૃત સમજ આપી હતી. આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડયા, ઉચ્ચ શિક્ષણ નાયબ નિયામક મહેશભાઈ મહેતા અને બનાસકાંઠા જીલ્લા શિક્ષણાધિકારી ડૉ. નરેન્દ્રસિંહ બી. ચાવડા સહીત જીલ્લાની સરકારી શાળાના શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

જન્મદિને વધામણી

જતીન પી.પટેલ
ચેરમેન, આકુંદ દૂધ મંડળી
આકુંદ તા.ધનસુરા

વસંત પ્રજાપતિ
બાયડ

રાજેન્દ્રસિંહ રાઠોડ
મો.૯૪૨૯૭૪૮૧૧૧
(સટા પૂર્વ સરપંચશ્રી)
મું.સટા, તા.હિંમતનગર,
જી.સાબરકાંઠા.